# શ્રીગુરુમાઈનાં વચનો પર ધ્યાન
# ઈશા સરદેસાઈ દ્વારા લિખિત

## મકરસંક્રાતિનો ઉત્સાહ-ભાવ

હું સત્સંગની બીજી જે વાત પર ચિંતન કરી રહી છું તે એ છે કે ગુરુમાઈજીએ મકરસંક્રાંતિ અને ભારતમાં આ તહેવારને જે ભાવ સાથે મનાવવામાં આવે છે તેના વિશે શું કહ્યું હતું. ગુરુમાઈજીએ કહ્યું કે આ દિવસે લોકો *તિલગુડ* એટલે કે તલ અને ગોળથી બનેલી મીઠાઈ ખાય છે; પતંગ ઉડાડે છે, રમે છે, ઉત્સવ મનાવે છે અને આ મંગલમય દિવસનો આનંદ માણે છે.

મને મકરસંક્રાતિ વિશે ગુરુમાઈજીએ જે વર્ણન કર્યું તે સાંભળવું ખૂબ જ ગમ્યું. મને તરત જ તેની સાથે જોડાયેલી ઘણી બધી વાતો યાદ આવવા લાગી. મારી માતા તલની ચીકી બનાવતી હતી, જે મારા દાંતોમાં ચોંટી જતી, તોપણ હું અધીરતાથી વધારે લઈ લેતી હતી. મને યાદ છે, મુંબઈની ઊંચી-ઊંચી ઇમારતોની અગાશી પર બાળકો ઊભા રહીને ઉલ્લાસથી બૂમો પાડતાં-પાડતાં પોતાની પતંગો ઉડાવતાં હતાં, અલગ-અલગ કદ, આકાર અને રંગોની પતંગોનું કેટલું અનોખું પ્રદર્શન હતું એ! સૌથી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે ગુરુમાઈજીના શબ્દોએ મારી અંદર નવીનતા અને સંભાવનાનો એવો ભાવ જગાવ્યો જેને હું ગહનતાથી મકરસંક્રાંતિ સાથે જોડું છું — એ તેજસ્વી પ્રકાશ, સૂર્યનો પ્રકાશ. એ અબાધિત આનંદ અને ઉલ્લાસ, જાણે તે સોનેરી તારાઓની કોઈ સરિતા હોય જે તીવ્ર ગતિથી ગગન તરફ વધી રહી છે.

મકરસંક્રાંતિ પર આ બ્રહ્માંડનું ત્રાજવું સારપ અને મીઠાશ તરફ નમેલું હોય એવું લાગે છે કારણ કે આપણે તેને એ તરફ હળવેથી નમાવ્યું છે. લોકો એકબીજાં પ્રત્યે તેમનો પ્રેમ અને કૃતજ્ઞતા વ્યક્ત કરે છે. સિદ્ધયોગીઓ શ્રીગુરુ પ્રત્યે તેમના પ્રેમને કારણે ભેગા થાય છે; આપણે ભગવાનના એ પ્રકાશમાં નિમગ્ન થઈએ છીએ, જેને શ્રીગુરુએ આપણી અંદર જાગ્રત કર્યો છે. આ દિવસે, ધરતી અને સ્વર્ગની વચ્ચેનો પડદો વધારે પાતળો, વધારે પારદર્શી લાગે છે. જો એવું માની લઈએ કે આ બંને લોક શરૂઆતથી જ અલગ-અલગ હતા તોપણ તેમની વચ્ચેનો સંબંધ હવે વધારે પ્રવાહી, વધારે સહજ લાગે છે.

મને ગિરિધરના રૂપમાં બાળકૃષ્ણની છબી યાદ આવે છે. ભગવાન શ્રીકૃષ્ણે ઇન્દ્રદેવના પ્રચંડ ક્રોધથી તેમના આખા ગામની રક્ષા કરવા માટે એક વિશાળ પર્વતને તેમની એક આંગળી પર ઉઠાવી રાખ્યો, અને બધાં લોકો પર્વતની નીચે શ્રીકૃષ્ણની ચારેબાજુ એકત્રિત થઈ ગયાં. જ્યારે આપણે બધાં આ રીતે ભગવાન અને શ્રીગુરુના સંરક્ષણમાં એકસાથે હોઈએ છીએ ત્યારે આશા સ્પષ્ટરૂપે મહસૂસ થાય છે, ધર્મપરાયણતા વધારે સુલભ લાગે છે.

સિદ્ધયોગ પથ પર આપણે જે પણ તહેવાર મનાવીએ છીએ, તેનો ગૂઢ અને વિશિષ્ટ અર્થ હોય છે. દરેક તહેવારનો એક અલગ ભાવ હોય છે અને તેની સાથે બીજું પણ ઘણું બધું જોડાયેલું હોય છે. ગુરુમાઈજી જ્યારે મકરસંક્રાંતિ વિશે બોલી રહ્યાં હતાં ત્યારે મને સમજાયું કે તેઓ આપણને આ જ શીખવી રહ્યાં છે.

હજી વિસ્તારપૂર્વક કહું તો, હું ગુરુમાઈજીના શબ્દોમાંથી એ સમજી છું કે આપણે એ વાત પ્રત્યે હંમેશાં સજગ રહેવું જોઈએ કે આપણે ક્યાં છીએ, આપણે શું કરી રહ્યાં છીએ અને આપણે એ શા માટે કરી રહ્યાં છીએ.

ભારતના સંતકવિ તેમના શ્રીગુરુ અથવા ઇષ્ટદેવના સાન્નિધ્યમાં વિતાવેલા એક દિવસનો મહિમાગાન કરવા માટે પણ આખાંને આખાં ભજનો અને અભંગોની રચના કરી લેતા હતા. ઉદાહરણ તરીકે, મને એવા ઘણા અવસરો યાદ છે જેમાં દર્શન અને સત્સંગ દરમ્યાન શ્રીગુરુમાઈએ શાંભવી ક્રિશ્ચિયન, વિજુ કુલકર્ણી અને લક્ષ્મી વેલ્સ જેવા વરિષ્ઠ સિદ્ધયોગ સંગીતકારોને "આજી સોનિયાચા દિનુ" અભંગ ગાવા માટે કહ્યું હોય. આ અભંગમાં સંતકવિ જ્ઞાનેશ્વર મહારાજ કહે છે : "*આજી સોનિયાચા દિનુ!* આજે સ્વર્ણિમ દિવસ છે!"

શાંભવીજી, વિજુતાઈ અને લક્ષ્મીજી અસાધારણ કળાથી સંપન્ન અને નિપુણ સંગીતકારો છે. તેઓ દશકોથી સત્સંગમાં, દર્શન દરમ્યાન અને સિદ્ધયોગ રેકૉર્ડિંગ માટે ગાવાની સેવા અર્પિત કરી રહ્યાં છે. હવે તો તેમનો અવાજ વિશ્વભરના સિદ્ધયોગીઓનો પરિચિત અને પ્રિય થઈ ગયો છે. તેથી જ્યારે તેમનામાંથી કોઈપણ 'આજી સોનિયાચા દિનુ' જેવા અભંગને ગાય છે — ભલે તેઓ એકલા ગાય કે સિદ્ધયોગ સંગીત મંડળી સાથે ગાય — તે સાંભળવામાં અત્યંત સુખમય લાગે છે. આપણે તેમના અભંગમાં એ દિવસની સ્વર્ણિમતાને મહસૂસ કરી શકીએ છીએ.

મને લાગે છે કે આપણે સ્વયંને આ પૂછવાની આદત બનાવી લેવી જોઈએ : "આજના દિવસની ઊર્જા શું છે? એ શું છે જે *આજના* દિવસને સ્વર્ણિમ બનાવે છે?" આપણે હંમેશાં સ્વયંને આ જ્ઞાનથી સજ્જ કરવાનો પ્રયાસ કરવો જોઈએ, અને તેના અનુસાર સમજી-વિચારીને બોલવું અને આચરણ કરવું જોઈએ.

શું તમે આ વાતથી સંમત નથી? શું તમને નથી લાગતું કે આપણું અસ્તિત્વ કોઈ વિશેષ, કોઈ અર્થપૂર્ણ વસ્તુ માટે હોવું જોઈએ? શું આપણે વિચારશીલતા અને સજગતા સાથે ન જીવવું જોઈએ?

© ૨૦૨૬ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.